# ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ

## પ્રદેશ બૃહદ કારોબારી બેઠક

**તારીખ : ૧૯.૦૯.૨૦૧૭, મંગળવાર**

**સ્થળ : પં. દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ-કૉમ્યુનિટી હૉલ, રાજપથ ક્લબ પાછળ, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ.**

---

# "રાજકીય પ્રસ્તાવ"

## ભાજપ ગુજરાતનું નેતૃત્વ કરે છે.
## ગુજરાત દેશનું નેતૃત્વ કરે છે.

➔ **અડીખમ ગુજરાત :**

- ગુજરાત અનેક માનવતા વિરોધી, દેશવિરોધી અને સંસ્કૃતિ વિરોધી તાકાતોની સામે ભવ્ય અને દિવ્ય "સોમનાથ મંદીર"ની જેમ ગુજરાત અડીખમ રહ્યું છે.
- ગુજરાત અનેક આપતિ-વિપતિ, વિષમ પરિસ્થિતિઓ તેમજ સંઘર્ષોનો સામનો કરીને "ગરવા ગિરનાર"ની જેમ ગુજરાત અડીખમ રહ્યું છે.
- ગુજરાત દેશના સ્વરાજય માટેના લોક સંઘર્ષમાં **"મહાત્મા ગાંધીજી"** અને **"સરદાર પટેલ"**ના નેતૃત્વમાં ગુજરાત અડીખમ રહ્યું છે.
- ગુજરાત અનેક ગુજરાત વિકાસ ગૌરવના વિરોધીઓનો સામનો કરીને "સરદાર સરોવર ડેમ"ની જેમ ગુજરાત અડીખમ રહ્યું છે.
- ગુજરાત દેશના સુરાજય માટેના લોકઉત્કર્ષ અને અવિરત વિકાસમાં **પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી** અને **રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ**ના નેતૃત્વમાં અને **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના** નેતૃત્વમાં ગુજરાત અડીખમ રહેશે તેવો આ પ્રદેશ કારોબારી સંપૂર્ણ વિશ્વાસ વ્યકત કરે છે.

➔ **અવિરત વિકાસમાં અડીખમ વિશ્વાસ :**

ભૂકંપમાં ગુજરાત ભાંગી ગયું, ગોધરાકાંડમાં ગુજરાત સળગી ગયું. અતિવૃષ્ટિમાં ગુજરાત ડૂબી ગયું. આવા કુદરતી આફતો અને ગુજરાત વિરોધીઓના નકારાત્મક અપપ્રચારોની ઝંઝાવાતો વચ્ચે **શ્રી નરેન્દ્રભાઈ મોદીના અડીખમ નેતૃત્વ**માં ગુજરાત માત્ર બેઠું થયું કે ઊભું થયું જ નહી પણ અવિરત વિકાસમાં હરણફાળ ભરીને અનેક ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર રહ્યું તે ગુજરાતની જનતા ક્યારેય ભૂલી શકશે નહીં.

ગુજરાતમાં કોંગ્રેસના કુશાસનમાં થતાં છાશવારે કોમી રમખાણો, વારે-તહેવારે મહિનાઓ સુધી કરફ્યુના સકંજામાં સપડાતી પ્રજા, અસામાજીક તત્વોને મળતો રાજ્યાશ્રય,ગામડામાં ખેતરોનાં ઊભા પાકને બાળી નાંખતા માથાભારે ગુંડાઓના ત્રાસ અને ભયજનક યાતનાઓને ગુજરાતની જનતા હજૂ ભુલી નથી. પાણી વગર વલખાં મારતી પ્રજા, પીવાના પાણી માટે ટેન્કર રાજ,ભ્રષ્ટાચાર,અણઘડ આયોજન અને સિંચાઈના અભાવે ખેડૂતો સતત પાયમાલ થતાં હતાં. આવાં કોંગ્રેસના ભયાવહ ભૂતકાળને દૂર કરીને ભાજપ સરકારે શાંતિ, સલામતિ અને સમૃદ્ધિ સાથેના ગુજરાતને અવિરત વિકાસની દિશામાં સતત અગ્રેસર રાખ્યું છે.

ગુજરાતના ઘરે-ઘરનાં અંધારાને કાયમી ધોરણે ઉલેચીને ૨૪ કલાક જ્યોતિગ્રામમાંઅવિરત અજવાળા પાથરીને ગુજરાતે અવિરત વિકાસમાં સર્વપ્રથમ ઐતિહાસિક પગરણ માંડીને ગુજરાતનું નેતૃત્વ સમગ્ર દેશનું દિશાદર્શક બન્યું. **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના અડીખમ નેતૃત્વે વૈશ્વિક મંદીના વંટોળ વચ્ચે મૂડીરોકાણ માટેનું વિશ્વના વિશ્વાસનું કેન્દ્ર ગુજરાતને બનાવી દીધું છે. જેને કારણે સતત ૧૩ વર્ષથી સૌથી વધુ રોજગારી સર્જન કરતું ગુજરાત એ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.૮૪ ટકા રોજગારી આપતું ગુજરાત એ અવિરત વિકાસની ફળશ્રુતિનું પ્રતિબિંબ છે.ગુજરાતની ધરા, ધરતીપુત્ર અને અબાલવૃદ્ધ જનતાની વર્ષોની તરસ છીપાવવા અને ગુજરાતને નંદનવન બનાવવાનાં સંકલ્પ સાથે નર્મદા વિરોધીનાં વમળો વચ્ચે "મા નર્મદા"ના નીરને અવિરત વિકાસનાં વહેણમાં લાવીને નર્મદા ડેમના દરવાજાનું કામ પૂર્ણ કર્યુ સરદાર પટેલ અને ગુજરાતની જનતાનું દાયકાઓનું સ્વપ્ન પૂર્ણ કરીને એક ઐતિહાસિક કાર્ય કરનાર **પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી**ને ગુજરાતની જનતા આવનારી સદીઓ સુધી યાદ કરશે.

➔ **કોંગ્રેસે કર્યો હતો વ્યાપક અને ભયંકર ભ્રષ્ટાચાર :**

ભૂતકાળની કોંગ્રેસ સરકારો જળ, સ્થળ, વાયુ, આકાશ અને પાણી એ પંચમહાભૂતના દરેક ક્ષેત્રે ગોટાળાઓથી ખદબદતી હતી. જળમાં સબમરિન ગોટાળો, વાયુક્ષેત્રે ટૂજી અને ફોરજી, જમીન ઉપર આદર્શ સોસાયટી, ભૂગર્ભમાં કોલસા કૌભાંડ અને આકાશમાં હેલિકોપ્ટર ગોટાળો એવા મસમોટાં કૌભાંડથી યુ.પી.એ.ની કેન્દ્ર સરકાર ખરડાઈ હતી. ૧૨ લાખ કરોડના ભ્રષ્ટાચાર કરનાર કોંગ્રેસના કુશાસનને કારણે વિશ્વની નજરે ભારતની શાખ તળીયે બેઠી હતી. કોંગ્રેસના શાસનકાળ દરમ્યાન દેશના પ્રધાનમંત્રીશ્રીના વિદેશપ્રવાસોની વિદેશતો શું દેશમાં પણ કોઈ નોંધ સુદ્ધાં લેતાં ન હતું. વૈશ્વિક સ્તર પર તે સમયે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો બાંધવામાં કોંગ્રેસનું નેતૃત્વ સદંતર નિષ્ફળ ગયું હતું. સમગ્ર દેશમાં એક ઘોરહતાશા અને આક્રોશનું વાતાવરણ સર્જાયું હતું.

➔ **શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વમાં ભારતનું માન-સન્માન-ગૌરવ વધ્યું છે :**

દેશની જનતાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી બનાવીને 'સત્તાના સુત્રો' સોંપ્યા અને તેમણે 'સેવાના મંત્રો' સાથે પ્રધાનસેવક બનીને માત્ર ૩ વર્ષના ટૂંકાગાળામાં "દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ" ની અનુભૂતિ સાથે વિશ્વમાં ભારતનું માન-સન્માન-ગૌરવ વધાર્યું. દેશના પ્રધાનમંત્રી તરીકે ૭૦ વર્ષ પછી ઈઝરાયેલ, ૪૨ વર્ષ પછી કેનેડા, ૩૨ વર્ષ પછી દૂબઈ, ૨૮ વર્ષ પછી શ્રીલંકા અને પાડોશમાં ૧૭ વર્ષ પછી નેપાળ જનારા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના સાંસ્કૃતિક પરંપરા સાથે વૈશ્વિક રાજકીય, આર્થિક સંબંધો મજબૂત બનાવીને વિશ્વને ભારતની સફળ વિદેશનીતિના દર્શન કરાવી દીધાં છે. **ગુજરાતનું હિત અને દેશનું હિત જેમને હૈયે છે એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વૈશ્વિક નજરે Pragmatic, Path-Breaking, Pro-Active & Progressive Leadership તરીકે જોઈ રહી છે.** પ્રધાનમંત્રીશ્રીના વિદેશ પ્રવાસથી ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ વધ્યો અને જે તે દેશની સરકારો પર ભારતીયોની પ્રભાવ શક્તિ વધી છે

➔ **હવે ગુજરાતને માંગવું, લડવું કે ઝૂકવું પડતું નથી**

**કારણ કે, ગુજરાતના પનોતા પુત્ર, આપણાં શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી છે.**

કેન્દ્રમાં કોંગ્રેસના શાસન સમયે ગુજરાતને હળાહળ અન્યાય થતો હતો અને સંઘર્ષ કરવા છતાંય કોંગ્રેસની ગુજરાત વિરોધી દ્વેષયુક્ત રાજનીતિને કારણે ગુજરાતને મળવાપાત્ર સહાય, યોજનાઓ કે અનુદાન મળતા ન હતાં. ગુજરાતનો અધિકાર અને હક્ક માટે ડગલે ને પગલે ઝઝુમવું પડતું હતું. કોંગ્રેસની ગુજરાત વિરોધી વિકૃત માનસિકતાને કારણે ગુજરાતને વર્ષોસુધી ઘણું સહન કરવું પડ્યું હતું.હવે, ગુજરાતના પનોતા પુત્રશ્રી નરેન્દ્રભાઈ મોદી ૩ વર્ષથી દેશનાં પ્રધાનમંત્રી બન્યાં છે ત્યારે ગુજરાતને હવે માંગવું, લડવું કે ઝૂકવું પડતું નથી તેની અનુભૂતિ ગુજરાતની જનતાને થઈ રહી છે. તેની આ પ્રદેશ કારોબારી સહર્ષ નોંધ લે છે.

➔ **કોંગ્રેસ હંમેશા ગુજરાત વિરોધી અને ગુજરાતના નેતૃત્વવિરોધી રહી છે. :**

શ્રી નહેરૂજીએ ૧૯૫૫માં, શ્રી ઈન્દીરા ગાંધીએ ૧૯૭૨માં પોતાની હયાતીમાં "ભારત રત્ન"પ્રાપ્ત કરી લીધો અને શ્રી રાજીવ ગાંધીના મૃત્યુ પછી માત્ર ૪૫ દિવસમાં જ ૧૯૯૦માં ભારત રત્ન આપવામાં આવ્યો. જયારે ગુજરાતના સપૂત અને ભારતના અખંડતાના શિલ્પી સરદાર પટેલને મૃત્યુબાદ ૪૧માં વર્ષે "ભારત રત્ન" એવોર્ડ, એ પણ અટલજીની દરમ્યાનગીરીથી આપવામાં આવ્યો. ગુજરાતના જ એવા મોરારજી દેસાઈને પ્રધાનમંત્રી પદેથી હટાવવામાં કોંગ્રેસની ભૂંડી ભૂમિકા હતી.તેમને ૧૯૯૧માં ભારત રત્ન એવોર્ડ મળ્યો. આમ, કોંગ્રેસની માનસિકતા હંમેશા ગુજરાતના નેતૃત્વ વિરોધી રહી છે. હવે, ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રજાલક્ષી સુશાસન માટે વૈશ્વિક લોકપ્રિય નેતા બન્યાં છે ત્યારે કોંગ્રેસ ફરીથી ગુજરાતને ટાર્ગેટ કરીને જૂઠ્ઠા આક્ષેપો દ્વારા ગુજરાતના નેતૃત્વને બદનામ કરવાનો હીન પ્રયાસ કરીને ફરીથી ગુજરાત વિરોધી વિકૃત માનસિકતા પ્રદર્શિત કરી રહી છે.

➔ **વિવાદ, વિખવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ અને વેરઝેરની રાજનીતિ કોંગ્રેસ બંધ કરે. બસ, હવે બહુ થયું:**

ગુજરાતમાં શાંતિ, એકતા અને વિકાસનું વાતાવરણ છે. ત્યારે કોંગ્રેસ વિવાદ, વિખવાદ અને વેરઝેરની રાજનીતિ કરી રહી છે. ગુજરાતના શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી છે ત્યારે ગુજરાતની અવિરત વિકાસની ગતિ વધુ ઝડપી બની છે, ત્યારે કોંગ્રેસ હવનમાં હાડકા નાંખવાનો પ્રયાસ કરે છે. કોંગ્રેસ પોતે જ આંતરીક કકળાટથી તુટી ગઈ છે.

કોંગ્રેસના ધારાસભ્યો, નેતાઓ અને કાર્યકર્તાઓને કોંગ્રેસના નેતૃત્વમાં ભરોસો નથી તેથી તેઓ કોંગ્રેસ મુક્ત બની રહ્યાં છે. સમગ્ર દેશમાં પણ એક પછી એક રાજ્ય માંથી કોંગ્રેસ ફેંકાઈ ગઈ છે અને ગુજરાતમાં પણ વિસર્જનની દિશામાં આગળ વધી રહી છે. ૨૦ વર્ષથી સત્તાવગર તરફડતી કોંગ્રેસ પાસે સામી છાતીએ ચૂંટણી લડવાનું સામર્થ્ય નથી તેથી જ્ઞાતિવાદ, કોમવાદને કેન્દ્રમાં રાખીને ભાજપ વિરૂદ્ધ પ્રોકસીવોર લડી રહી છે. કેટલાંક આંદોલનકારીઓ દ્વારા અશાંતિ ઊભી કરવા માટેના કોંગ્રેસ હિન પ્રયાસ આચરી રહી છે પરંતુ ગુજરાતની શાણી અને સમજૂ જનતા કોંગ્રેસને ઓળખી ગઈ છે. આ કારોબારી કોંગ્રેસના નકારાત્મક, હિંસાત્મક અને ગુજરાતને બદનામ કરવાના અપકૃત્યોને સખ્ત શબ્દોમાં વખોડે છે અને "વિવાદ, વિખવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ અને વેર-ઝેરની રાજનીતિ કોંગ્રેસ બંધ કરે બસ, હવે બહું થયું" તેવો ગુજરાતના હિતમાં અનુરોધ કરે છે.

➔ **કોંગ્રેસે બક્ષીપંચ કમિશનને બંધારણીય દરજ્જો આપવાનો રાજ્યસભામાં વિરોધ કરીને ગુજરાતના ૧૪૬ જ્ઞાતિ, સમાજના સમુહનો વિરોધ કર્યો છે. જે બક્ષીપંચ સમાજ સાંખી લેશે નહિં.**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભાજપ સમગ્ર દેશમાં સર્વવ્યાપી અને સર્વસ્પર્શી બની રહ્યું છે. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બક્ષીપંચ સમાજના હિતને ધ્યાનમાં રાખીને બક્ષીપંચ કમિશનને બંધારણીય દરજ્જો આપવા માટે લોકસભામાં ભાજપે પસાર કરાવ્યો અને કોંગ્રેસે રાજ્યસભામાં તેને અટકાવીને ગુજરાતના ૧૪૬ જ્ઞાતિસમાજના સમુહ એવા બક્ષીપંચ સમાજનો વિરોધ કર્યો છે. તેને બક્ષીપંચ સમાજ સાંખી લે શે નહિં અને આગામી ચૂંટણીમાં તે કોંગ્રેસને સજ્જડ રીતે હરાવીને જવાબ આપશે.

➔ **કોંગ્રેસ પાસે નીતિ નથી, નેતા નથી અને નિયત પણ નથી.**

કોંગ્રેસ પાસે નીતિ નથી, નેતા નથી અને નિયત પણ નથી. ફકત ચૂંટણી સમયે જ દેખાતી કોંગ્રેસ પોકળ, અવાસ્તવિક વચનો આપીને પ્રજાને ગુમરાહ કરવાનો પ્રયાસ કરે છે. ગયા વખતે ઘરનું ઘર, વિજળી મફ્ત આપવાની વાત અને હવે યુવાનોને રોજગારી ભથ્થા આપવાની અવાસ્તિવક વાતો કરે છે. લોભ, લાલચ અને છેતરામણી જાહેરાતો દ્વારા મતો અંકે કરવાનો મનસુબો ધરાવતી કોંગ્રેસનો પ્રજા સમક્ષ ભાંડો ફૂટી ગયો છે. બનાસકાંઠાની અતિવૃષ્ટિમાં પણ પોતાના વિસ્તારની પ્રજાને મુકીને કોંગ્રેસના ધારાસભ્યો બેંગ્લોરની ફાઈવ સ્ટાર હોટેલમાં જલસા કરતા હતાં ત્યારે ભાજપના મુખ્યમંત્રીશ્રી, મંત્રીમંડળ તેમજ ભાજપના સૈંકડો કાર્યકર્તાઓ લોકોની વચ્ચે જીવન જરૂરીયાતની વસ્તુઓથી માંડીને તમામ પ્રકારની સહાય માટે રાત દિવસ ખડેપગે ઊભા રહ્યાં હતાં. અતિવૃષ્ટિ બાદ ખોટી સહાનુભૂતિ દેખાડવાનું નાટક કરવા રાહુલ ગાંધી ગુજરાત આવ્યા ત્યારે પીડિતોનાં આસું લુછવાને બદલે નોટબંધી અને જી.એસ.ટી.જેવા મુદ્દાઓ રજૂ કરીને તેમને પોતાની માનસિક નાદારીનું પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અગત્યની ચર્ચા વખતે સંસદમાં સુતા હોય છે અથવા કોઈ કારણવગર સંસદનો વારંવાર બોયકોટ કરે છે. કયારેક અચાનક વિદેશ ચાલ્યાં જાય છે. રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ દેશમાં ૨૫થી વધુ ચૂંટણી હારી ચૂકી છે. એક પછી એક રાજ્યોમાં સત્તા પરથી ફેંકાઈ ગયેલ કોંગ્રેસ હવે સંસદમાં વિપક્ષને લાયક પણ રહી નથી. ત્યારે હમણાં જ અમેરિકાની યુનિવર્સિટીમાં આપેલ ભાષણમાં 'હું પ્રધાનમંત્રી બનવા તૈયાર છું'. તેવી હાસ્યાસ્પદ વાત કરીને પોતાની બુદ્ધિમત્તાનું વરવું પ્રદર્શન કર્યું હતું. વિદેશમાં જઈ પરિવારવાદને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરી રાહુલ ગાંધીએ પોતાની આબરૂ તો ઠીક પણ દેશના જાહેર જીવનને બદનામ કરવાનો બાલિસ પ્રયાસ કર્યો છે.

➔ **કોંગ્રેસ દેશવિરોધી અને આતંકવાદી પ્રવૃતિ કરનારને છાવરે છે અને દેશભક્તોનું અપમાન કરે છે.**

જે.એન.યુ.માં સંસદ પર હુમલો કરનાર આતંકવાદી અફઝલ ગુરૂ માટે "કિતને અફઝલ મારોગે, ઘર ઘર સે અફઝલ નિકલેગા", "અફઝલ હમ શર્મિદા હૈ, તેરા કાતિલ જિંદા હૈ" અને "હિન્દુસ્તાન મુર્દાબાદ"ના નારાઓ લાગ્યા હતાં ત્યારે આ કૃત્યોઓ કરનાર સામે રાહુલ ગાંધી સહિતના નેતાઓ જે.એન.યુ.માં ગયાં હતાં. કોંગ્રેસના શશી થરૂરે વીર શહિદ ભગતસિંહનું અપમાન કર્યું હતું. કોંગ્રેસે દેશના સપૂત વીરસાવકરને દેશદ્રોહી ગણાવી રહી છે. ભારત માતા કી જય, વંદેમાતરમ્ ન બોલનારાઓને ખુલ્લેઆમ સમર્થન આપીને ભારતમાં ભાગલાવાદી પરિબળોને કોંગ્રેસ ઉત્તેજન આપી રહી છે. ભારતના માનસૂત્રો, માનચિત્રો, માનબિંદુઓ, શહિદો અને રાષ્ટ્રીયગીતનો વિરોધ ભાજપ કે દેશની જનતા ક્યારેય સાંખી નહીં લે.

➔ **"વસુધૈવ કુટુમ્બકમ્"ની ભાવના સાથે "સૌનો સાથ-સૌનો વિકાસ"એ જ ભાજપનો મંત્ર**

કોંગ્રેસે બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની હંમેશા અન્યાય, અપમાનીત અને અવગણના કરી હતી. કોંગ્રેસે "ભારત રત્ન" એવોર્ડ ડૉ.બાબાસાહેબને ન હતો આપ્યો કે તેમનું તૈલચિત્ર પણ સંસદ ભવનમાં લગાવવા દીધું ન હતું. શ્રી અટલજીના પ્રયાસથી બિનકોંગ્રેસી સરકારે તેમને ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો અને સંસદમાં તૈલચિત્ર મુકવામાં આવ્યું. ભાજપ સરકારોમાં અનેક ગરીબલક્ષી યોજનાઓ મૂકીને આ ગરીબોની સરકાર છે. તેની અનુભૂતિ દરેક સમાજને થઈ છે. આદિવાસીઓ માટે વનબંધુ કલ્યાણ યોજનાઓ અને તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીએ પેસાના કાયદા દ્વારા આદિવાસીઓને અધિકાર અને હક્ક આપ્યાં છે.

કોંગ્રેસ ૨૦ ટકા ઈ.બી.સી.ની માત્ર વાતો કરે છે. પોતાના એક પણ રાજયમાં ૧ ટકા પણ જાહેર કરી શકતી નથી. ભાજપે એસ.સી.,એસ.ટી.,ઓ.બી.સી.ની અનામતોની ટકાવારી સુરક્ષિત રાખીને ૧૦ ટકા ઈ.બી.સી.(આર્થિક પછાત વર્ગ) આપ્યું ત્યારે તેનો વિરોધ કરે છે. ભાજપે દરેક સમાજના વર્ગને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના દ્વારા ઉચ્ચશિક્ષણમાં ૫૦ ટકા ફી આપીને સરકાર તમામ યુવાવર્ગને મદદરૂપ થઈ છે.

"વસુધૈવ કુટુમ્બકમ્"ની ભાવના સાથે સૌનો સાથ-સૌનો વિકાસના મંત્રને લઈને સામાજીક સમરસતાના ભાવ સાથે ભાજપ કામ કરી રહ્યું છે. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તથા ગુજરાતમાં શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં યુવા,મહિલા, ગરીબ, કિસાન, દલિત, આદિવાસી માટે પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ સાથે કામ કરતી ભાજપ સરકાર પં.દીનદયાળ જન્મશતાબ્દિ વર્ષને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે મનાવી રહી છે. ત્યારે છેવાડાના માનવીના કલ્યાણ માટે ગુજરાતના સર્વાંગી અને અવિરત વિકાસ અને ગૌરવને આગળ વધારવા આ કારોબારી સંકલ્પ કરે છે.

➔ **દેશનાં સ્વાભિમાન, સુરક્ષા અને સલામતી માટે કેન્દ્ર સરકારે કોઈ બાંધ છોડ કર્યા વગર હિંમતથી પગલાં લીધાં છે.**

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનાં સ્વાભિમાન, સુરક્ષા અને સલામતી માટે આ સરકારે કોઈ બાંધ છોડ કરી નથી. ભારતે આતંકવાદ વિરૂદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. દુશ્મનના ઘરની ૩ કિ.મી. અંદર જઈને ૧૫૦ કમાન્ડોએ આતંકીઓનો અડ્ડાઓ સાફ કર્યા અને ૩૭ આતંકીઓના ખાત્મો કર્યો. સર્જીકલ સ્ટ્રાઈક ઓપરેશન એ આતંકવાદ સામેની લડાઈની વિશ્વની અવિસ્મરણીય ઘટના છે. સર્જીકલ સ્ટ્રાઈકમાં પાકિસ્તાનમાં આતંકીઓની સર્જરી થઈ અને કોંગ્રેસે 'કોમા'માં સરી ગઈ. જ્યારે સર્જીકલ સ્ટ્રાઈકથી દેશની જનતામાં ગૌરવની લાગણી હતી, ત્યારે પાકિસ્તાન અને કોંગ્રેસ હતાશામાં ગરકાવ થઈ ગઈ હતી. તે જ રીતે ડોકલામ મુદ્દે પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈની એક મોટી કુટનીતિ જીત મળી છે. ગત ૧૬ જૂનના રોજ આ વિસ્તારમાં ગેરકાયદેસર રોડ બાંધકામ કરતા ચીની સૈનિકોને ભારતીય સૈનિકોને રોક્યાં હતાં. ત્યારબાદની બન્ને દેશો વચ્ચે તણાવ વધી ગયો હતો. અંતે ભારતના મક્કમ વલણ પાસે ચીને નમતું જોખવું પડ્યું છે અને હવે ચીન દ્વારા ડોકલામની તેની સેનાને હટાવી દેવામાં આવી છે.

➔ **ગુજરાતની જનતા જનાર્દન અને મીડિયાના મિત્રોનો હ્રદયપૂર્વકનો આભાર**

ગુજરાતની જનતાએ છેલ્લા બે દાયકાથી ભાજપ ઉપર વિશ્વાસ મુકીને ગુજરાતનું સુકાન ભાજપને સોપ્યું છે. તે બદલ ગુજરાતની ભાજપની આ કારોબારી ગુજરાતની જનતા જનાર્દનનો હ્રદયપૂર્વકનો આભાર માનીને કૃતજ્ઞતા વ્યકત કરે છે અને સાથે-સાથે મીડિયાના તમામ મિત્રોનો પણ ખૂબ-ખૂબ આભાર માને છે.

➔ **ભાજપ ગુજરાતના દેવદુર્લભ કાર્યકર્તાને વંદન અને અભિનંદન**

ભાજપની સરકારોની વિજય ગાથા અને સાફલ્યગાથામાં ભાજપના દેવદુલર્ભ કાર્યકર્તાઓએ આપેલા સમર્પણને આ કારોબારી વંદન કરે છે અને અભિનંદન કરે છે.

➔ **અવિરત વિકાસના પ્રણેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી અડીખમ નેતૃત્વને અને ગુજરાતની જનતાના વિજયના અશ્વમેઘને કોઈપણ ગુજરાત વિરોધી તાકાત રોકી શકશે નહીં**

ગુજરાતની જનતાના વિજયના અશ્વમેઘને, ગુજરાતના અવિરત વિકાસ અને ગુજરાતના પનોતા પુત્ર**શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના અડીખમ નેતૃત્વને કોઈપણ ગુજરાત વિરોધી તાકાત રોકી શકશે નહિં. કુશળ સંગઠક રાષ્ટ્રીય અધ્યક્ષ**શ્રી અમિતભાઈ શાહ**,મુખ્યમંત્રી**શ્રી વિજયભાઈ રૂપાણી**,નાયબ મુખ્યમંત્રી**શ્રી નીતિનભાઈ પટેલ** અને પ્રદેશ પ્રમુખ**શ્રી જીતુભાઈ વાઘાણી**ની આગેવાનીમાં ભાજપના કાર્યકર્તાઓ પરીશ્રમની પરાકાષ્ઠા સર્જીને ૧૫૦+ લક્ષ્યાંકને પાર પાડશે તેવો આ કારોબારી સંકલ્પ કરે છે.

➔ **ગુજરાતની જનતાના વિશ્વાસબળ અને કાર્યકર્તાના પરિશ્રમબળના સંયુક્ત પ્રયાસોથી ભાજપાના ભવ્ય વિજય સાથે દિવ્ય ગુજરાતની વિકાસ યાત્રામાં સહભાગી બનવાનો સંકલ્પ કરીએ.**

મા જગદંબાના પવિત્ર પર્વ નવરાત્રીને જયારે આપણે ઉજવવા જઈ રહ્યાં છીએ ત્યારે, પરમ શક્તિની પ્રેરણા અને આશીર્વાદ સાથે ગુજરાતની જનતાના વિશ્વાસબળ અને કાર્યકર્તાઓના પરિશ્રમબળના સંયુકત પ્રયાસો દ્વારા આવનારી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય દ્વારા દિવ્ય ગુજરાતની વિકાસ યાત્રામાં સહભાગી બનીએ.દિપોત્સવી પર્વની જેમ વિકાસનો ઉજાસ અને ઐશ્વર્ય ગુજરાતની ૬.૫ કરોડની જનતાને પ્રાપ્ત થાય અને ગુજરાત સદૈવ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ન્યુ ઇંડિયાના નિર્માણનું ગ્રોથ એન્જીન બની રહે તેવો આ કારોબારી ગુજરાતની જનતા જનાર્દનમાં વિશ્વાસ વ્યકત કરે છે.

**|| ભારત માતા કી જય ||**